# બાઈક પરથી સ્લીપ ખાઈને પટકાયેલા યુવાનના માથેથી ટ્રકનું ટાયર ફરી વળ્યું...!

ગાંધીનગર, તા.૨૫

ચિલોડાથી હિંમતનગર તરફ બાઈક પર બે પિતરાઈ ભાઈઓ આજે સવારે જઈ રહ્યા હતા ત્યારે બાઈક સ્લીપ ખાઈ જતા ચાલક યુવાનનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. જયારે પાછળ બેઠેલા પિતરાઈ ભાઈને સામાન્ય ઈજાઓ થવા પામી છે. ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી અનેદિનેશચમના રામજી ચૌધરી બંને પિતરાઈ ભાઈઓ બાઈક લઈને ચિલોડા-હિંમતનગર હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા ચિલોડાથી થોડે આગળ પટેલ હોટલની સામે બાઈક જીજે ૧૮ ટી ૬૫૪૩ નંબરની ધસમસતી આવતી ટાટા ૪૦૭ મીની ટ્રકનું ટાયર માથા પર ફરી વળતા માથું ગઈ હતી. ઘટનાસ્થળે મોતને ભેટેલા યુવાનને પોસ્ટમોર્ટમ માટે મોકલી ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને ટ્રક

**બે પિતરાઈ ભાઈઓ બાઈક પર જતા હતા ત્યારે ચિલોડા નજીક હાઈવે પર અકસ્માત સર્જાયો : મીની ટ્રક મુકીને ડ્રાઈવર ફરાર**



યુવાન રસ્તા વચ્ચે પટકાયો હતો અને તેટલામાં પાછળથી બેફામ ગતિએ આવી રહેલા ૪૦૭ મીની ટ્રકનું ટાયર તે યુવાનના માથા પરથી ફરી વળ્યું હતું. સ્થળ પર જ માથું ફાટી જતા ઉંડી તપાસ શરુ કરી છે.

આજે સવારે દશેક વાગ્યાના અરસામાં મુળ રાજસ્થાનના અને હાલ ચાંદખેડા વિસ્તારમાં રહેતા ૨૧ વર્ષીય વચનારામ કરતારામ ચૌધરી અચાનક સ્લીપ ખાઈ જતા બંને પિતરાઈ ભાઈઓ બાઈક પરથી પડયા હતા જેમાં આગળ બેઠેલા વચનારામ રસ્તા વચ્ચે ઢસડાઈ ગયો હતો. તેટલામાં પાછળથી આવતી ફાટી ગયુંહતું. ખોપડી અને મગજ પણ રસ્તા પર પડેલા જોઈ અરેરાટી ફેલાઈ મુકીને ફરાર થઈ ગયેલા ડ્રાઈવરને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**હે પ્રભુ... હું બે સવાલ પૂછવા અહીં સુધી લાંબો થયો છું..., આ 'અનામત' શું છે ? અને બહેન કેમ નથી આપતાં...? એ જણાવો... ભક્તો રોજ મંદિરમાં આવી મારી પાસે માંગે છે...!!**

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલે જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના અંગે પુછેલો પ્રશ્ન અગ્રતાક્રમ ૩ પર હોવાથી આજે ગૃહમાં ચર્ચામાં આવ્યો હતો. ૧૦ મિનિટ સુધી આ પ્રશ્ન ચર્ચાયો અને તેમાં પાંચ ધારાસભ્યોએ ભાગ લીધો.

● ગાંધીનગર મેડીકલ કોલેજમાં આજે મેડીકલ ઓફિસરોની સીએમઈ ઝીકા વાયરસ અને સ્વાઈન ફ્લુ અંગે યોજાઈ હતી. જેમાં કમલેશ ઉપાધ્યાયે ખુબજ સરસ વિગતો રજુ કરી હતી.

● પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અનિલકપુર રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલને મળવા વિધાનસભા આવ્યા હતા.

● ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મનપાની ચૂંટણી અંગેનો મેની ફેસ્ટો તૈયાર કરવામાં આવશે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે એન.એસ.વી.નો કેમ્પ ગાંધીનગર તાલુકાનો યોજાયો હતો.

● સંસ્કૃતિ કુંજ ખાતે સીટી બસની વાહન સેવા ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

● મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન શ્રી રાકેશ પટેલ આજે વિદેશ પ્રવાસે જવા રવાના થયા છે.




## કે.બી. ઈન્સ્ટીટયુટ ખાતે કારકિર્દીલક્ષી વાર્તાલાપ યોજાયો

શહેરના સેકટર-૨૩ ખાતે સ્થિત કે.બી. ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ ખાતે સંસ્થામાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ માટે કેરીયર મેનેજમેન્ટ ટ્રેઈનીંગ પ્રોગ્રામ યોજાયો હતો તે અંતર્ગત સીવી એન્ડ રીસ્યુમ રાઈટીંગ ફોર એમ્પ્લોયેબીલીટી પર નવસારી કૃષિ યુનિવર્સિટીના સહ પ્રાધ્યાપક તેમજ કારકીર્દી તજજ્ઞ ડૉ. મેહુલ જી. ઠકકરે વિશેષ માર્ગદર્શન પુરું પાડી આનુષાંગિક પ્રશ્નોનું નિરાકરણ સમજાવ્યું હતું. આ કારકીર્દી લક્ષી વાર્તાલાપને સફળ બનાવવામાં પ્લેસમેન્ટ કમીટીએ જહેમત ઉઠાવી હતી.

# ગાંધીનગર હેડ પોસ્ટ ઓફીસમાં એટીએમ

ગાંધીનગર, તા. ૨૫

છેલ્લા એક વર્ષથી બધી પોસ્ટ ઓફિસોને બેંક લિંક જેમ બનાવવાનું કાર્ય ચાલતુ હતુ. એ અનુલક્ષીને હવે પોસ્ટ એકાઉન્ટ ધારકોને નિયત સમયે જવાની તેમજ લાઈનોમાં ઉભા રહેવાની તકલીફમાંથી છુટકારો. આપની પોસ્ટની જમા રકમ અને મળતી રકમો આપના સેવિંદ ખાતામાં જમા થઈ જતા આધુનિક ઢબનું લાલ એ.ટી.એમ. કાર્ડ દ્વારા ગમે ત્યારે આપ બેંકની જેમ જ રકમ ઉપાડી શકશે.

આ માટે હેડ પોસ્ટમાસ્તર શ્રી કિરીટભાઈ પટેલ સાથે ઔપચારીક વાતચીત કરતાં જણાવ્યું હતું કે ખાતાધારકોએ એક જરૂરી ફોર્મમાં ફોટા સાથે પાસબુક આપી અરજી આપવાની રહેશે અને થોડાજ દિવસોમાં પોસ્ટનું એ.ટી.એમ. કાર્ડ મળશે જે દ્વારા પોસ્ટઓફીસના કોઈપણ એ.ટી.એમ.મા ભારત ભરમાંથી ઉપાડી શકાશે. બેંકની જેમ સગવડ લઈ શકશે. જોકે આ કાર્ડ અન્ય બેંકમાં હાલ ઉપયોગ નહી થઈ




શકે આને માટે સરકારે રિઝર્વ બેંકે આવતા વર્ષથી મંજુરી આપશે પણ કોઈ વ્યક્તિનું અન્ય પોસ્ટમાં ખાતુ હોય તો તેનો ચેક અહીના ખાતામાં જમા અથવા સ્લિપ ભરી રકમ એ.ટી.એમ. ખાતામાં જમા આપી શકશે જેથી બદલી પાત્ર કર્મચારી કે બહાર વસતા ખાતેદારો એકજ ખાતા દ્વારા કર્મ મળી રહેશે. હાલ કોઈ ચાર્જ નથી. કાર્ડ પણ ચાર્જ વગર વાર્ષિક શુલ્ક કે ઉપાડવાની લિમિટ નથી. અંદર ચેકબોક્ષ પણ છે. વડીલો કે દિવ્યાંગ વ્યક્તિઓ માટે જવા આવવાની સરસ રેલિંગ છે અત્યારે જેના ખાતામાં ચેક જેટલુ બેલેંસ હોય તો પણ ઉપાડી શકાય પોસ્ટલ સી.બી.એસ. થતા જેમાં એ.ટી. એમ.થી જોડી કાર્ડ આપવામાં આવે છે. એટલે ભારત ભરની કોઈ પણ પોસ્ટના એ.ટી.એમ.માંથી રકમ ઉપાડી શકાય. માસિક આવક યોજના સિનિયર સીટીઝન્સ ખાતા ઓટો દ્વારા તમારા ખાતામાં જમા થઈ જતા પોસ્ટ ઓફીસે લાઈન ઉભા રહેવાની કે નિયત તારીખ પર આવવાની જરૂર રહેતી નથી.

તાજેતરમાં નવા પોસ્ટ સુપ્રિટેન્ડેન્ટ શ્રી એમ.આર. ત્રિવેદીએ ચાર્જ લેતા નવા એ.ટી.એમ.ને નિહાળી પ્રતિભાવ આપી જણાવ્યુ હતુ. આ સુવિધાથી પોસ્ટ ખાતેદારોને ઘણી બધી તકલીફોમાંથી છુટકારો અને સમય અને જાતે હાજર રહી પીઢ માણસોને તકલીફ દૂર થશે.

# એનઆઈસીએમ યોજાયેલ ''આરોહણ ૨૦૧૬''માં વિદ્યાર્થીઓની પ્રતિભા નિખરી

### વિવિધ સ્પર્ધાઓમાં ગુજરાતભરમાંથી ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો : રૂપિયા ૫૦ હજારથી વધુના રોકડ ઈનામોથી વિજેતાઓને નવાજાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તારમાંઆવેલ જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ ખાતે એમ.બી.એ.ના વિદ્યાર્થીઓ દ્વારા 'આરોહણ-૨૦૧૬' ઉત્સવનું ભવ્ય યોજાયેલ વિવિધ પ્રતિયોગિતામાં પોતાની પ્રતિભા અને કૌશલ્યનું નિદર્શન કરી રૂપિયા ૫૦ હજારથી પણ વધુના ઈનોમો જીત્યા હતા. આરોહણ-૨૦૧૬માં સમગ્ર કાર્યક્રમનું આયોજન વિદ્યાર્થીઓએ આવ્યા હતા.

આ પ્રસંગે એનઆઈસીએમના ડાયરેકટર ડૉ. એસ.ઓ. જુનારે જણાવ્યું હતું કે વર્ગખંડ સાથે આ પ્રકારની પણ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓની



આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં સમર પ્રોજેક્ટ, બીઝનેસ પ્લાન, બીઝનેસ ક્વીઝ, ડિબેટ, એડર્વટાઈઝીંગ, સ્ટોકમાર્કેટ ગેમ, રંગોળી, ફેસ પેઈન્ટીંગ, ટ્રેઝર હન્ટ વગેરે પ્રતિયોગિતાઓ યોજવામાં આવી હતી.

એનઆઈસીએમ કેમ્પસમાં યોજાયેલ આરોહણ-૨૦૧૬માં ગુજરાતભરમાંથી ૪૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ આ ઉત્સવમાં જાતે સંભાળ્યુ હતુ અને વિવિધ સ્પર્ધાઓ જેવી કે સમર પ્રોજેક્ટ, બીઝનેસ પ્લાન, બીઝનેસ ક્વીઝ, ડિબેટ, જાહેરાત, શેર બજાર રમત, રંગોળી સ્પર્ધા, ફેસ પેઈન્ટિંગ, ટ્રેઝર હન્ટ વગેરે દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલ વ્યાપારિક કૌશલ્યો તથા પ્રતિભા કૌશલ્યો બહાર આવે તે માટે પ્રયત્નો હાથ ધરાયા હતા. આ સ્પર્ધામાં વિજેતા સ્પર્ધકોને વિવિધ રોકડ ઈનામો દ્વારા નવાજવામાં બહુમખી પ્રતિભામાં વધુ નિખાર આવે છે. પ્રતિભા નિખારતા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટમાં ખૂબજ મદદરૂપ થાય છે. આ સાથે તેમણે એનઆઈસીએમમાં એમબીએ ભણતા વિદ્યાર્થીઓમાંથી આશરે ૮૫ ટકા વિદ્યાર્થીઓને તો ચોથા સેમેસ્ટર દરમ્યાન નોકરી પ્રાપ્ત થઈ જાય છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહથી ભાગ લીધો હતો.

## લવારપુર પાટિયા પાસે ડમ્પરની ટક્કરથી કારસવાર બેને ઈજા કારનો ભુક્કો

ચિલોડા, તા. ૨૫

ચિલોડા-નરોડા હાઈવે માર્ગ ૮ પર દિનપ્રતિદિન અકસ્માતોની વણથંભી વણઝાર ચાલુ રહેતા ગંભીર અકસ્માતોથી લોકોમાં ફફડાટ વ્યાપી રહ્યો છે. વર્ષોથી સાંકડા માર્ગથી અનેક જીવ ગુમાવ્યા બાદ માર્ગ પહોળો કરવા માટે લીલી ઝંડી મળી છે.

ત્યારે રાત્રે લવારપુર પાટિયા પાસે ઈસનપુર મોટાના વતની નરોડા ખાતે રહેતુ પરિવાર ગામમાં લગ્ન પ્રસંગ પતાવી કારમાં પરત જઈ રહ્યા હતા ત્યારે ડમ્પરે ટક્કર મારતા સેન્ટ્રોકાર ચાલક પ્રગ્નેશકુમાર રાવલ અને તેમના પત્ની રૂપલબેનને ઈજા પહોંચતા દવાખાને ખસેડવામાં આવ્યા હતા. આ ડમ્પરચાલક વાહન મુકી ભાગી ગયો હતો. જ્યારે સેન્ટ્રો કારના ભુક્કા ઉડી ગયા હતા. ડભોડા પોલીસે અકસ્માત અંગે તપાસ ચલાવી રહી છે.



ગાંધીનગર શહેરના સેકટરોના આંતરીક માર્ગો બિસ્માર થઈ ગયા છે. તંત્ર દ્વારા યોગ્ય જાળવણીના માર્ગોની હાલત કંગાળ થઈ જવા પામી છે. ત્યારે શહેરના જુના સેકટરોના માર્ગોની હાલત તો એક સાંધો ત્યાં તેર તુટે તેવી છે. નગરના સેકટર- ૨૨ ખાતે જૈન દેરાસર તરફથી પંચદેવ મંદિર તરફ જવાના માર્ગ પર આનંદ વાટીકા સોસાયટીનું સાઈન બોર્ડ લાગેલું છે ત્યાં ઘણા સમયથી માર્ગની વચ્ચોવચ ખાડો પડી ગયો છે. આ ખાડાને પગલે અનેક વાહનચાલકો કાબુ ગુમાવતા અકસ્માતનો ભોગ બન્યા છે. તંત્ર દ્વારા આ ખાડો સત્વરે પુરવામાં આવે તેવી વાહનચાલકો અને સ્થાનિક નાગરિકોની લાગણી અને માંગણી છે.

# વાવોલ હત્યા પ્રકરણમાં પોલીસ હત્યારાથી હાથવેંત દૂર..!

**શકમંદની પુછપરછ શરૂ : કપાયેલુ માથુ અને હત્યામાં વપરાયેલુ હથિયાર શોધવા પોલીસે ખેતરો ખુંદ્યા**

ગાંધીનગર, તા. ૨૫

વાવોલ-ઉવારસદ રોડ પર એક ખુલ્લા ખેતરમાંથી ગઈ કાલે સવારે એક અજાણ્યા યુવાનનો માથા વગરનો મૃતદેહ મળી આવ્યો હતો. જેના હાથ અને ગુપ્તાંગ પણ કાપી નાંખેલા હતા. તેના પાકીટમાંથી એક યુવતીનો ફોટો પણ મળી આવ્યો હતો. સેક્ટર-૭ પોલીસે તે દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કરતાં મૃતકની ઓળખ પણ થઈ ગઈ અને હત્યારા સુધી પહોંચવાની કડીઓ પણ મળી ચુકી હોવાની વાત જાણવા મળી છે. મૃતક પાસેથી મળેલો યુવતીનો ફોટો જ હત્યારા સુધી પોલીસને પહોંચાડશે..! હત્યારો હવે પોલીસની હાથવેંત દૂર હોવાના સંકેત છે. સે. ૭ પોલીસે તપાસ તેજ બનાવી છે.

મૃતક યુવાનની ઓળખ થતા જાણવા મળ્યુ છે કે તે મહેસાણાનો ૩૩ વર્ષિય ભરત પ્રહલાદભાઈ ઠાકોર હતો. છેલ્લા દશેક વર્ષથી તે ગાંધીનગરમાં જ રહીને છુટક મજૂરી કરતો હતો. તે યુવાનની હત્યા થઈ જવા પામી હતી. મૃતકનું માથુ અને હત્યામાં વપરાયેલા હથિયાર શોધવા માટે સેક્ટર-૭ પોલીસે ખેતરો ખુંદી નાંખ્યા છે. મૃતકના પાસેથી મળેલો યુવતીનો ફોટો હત્યારા સુધી પોલીસને લઈ જાય તેવી પુરેપુરી શક્યતા છે. પોલીસે એક શંકાસ્પદને પકડીને તેની ઊંડી પુછપરછ પણ શરૂ કરી છે.

# અપહરણનો ભોગ બનનાર સામે પણ ગુનો દાખલ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર સચિવાલય પાસેથી એક યુવાનનું અપહરણ કરી રૂ. ૧૫ લાખની ખંડણી માંગી હોવાની ઘટના બે દિવસ અગાઉ બનવા પામી હતી. જે આરોપીઓને પોલીસે ફિલ્મીઢબે પકડી પાડયા હતાં. આ પ્રકરણમાં પામી છે. પોલીસે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરૂ કરી છે. આ શખ્સ સામે આંતરસુબા ખાતે પણ છેતરપીંડીનો ગુનો નોંધાયો હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ રહેતા જૈમીન રમેશ પરમારે રૂ. ૧૪ લાખ સરકારી નોકરી અપાવવાના બહાને લઈ લીધા છે તે ઉપરાંત જૈમીને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ખોટા લેટરપેડ બનાવી બાંહેધરીના ખોટા ઓર્ડર પણ આપી દીધા છે. જે અંગે મળતા પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે.

**અપહ્યુત યુવાને નોકરી અપાવવાનાં બહાને ૧૪ લાખ ઉઘરાવ્યા હતા...! : શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણના ખોટા લેટરપેડ બનાવી ખોટા ઓર્ડર પણ આપી દીધા હોવાની ફરિયાદ**

બહાર આવ્યું છે કે અપહરણનો ભોગ બનનાર યુવાને સરકારી નોકરી અપાવવાના બહાને કેટલાકને ચુનો લગાવ્યો છે. બે પિતરાઈ ભાઈઓ પાસેથી રૂ. ૧૪ લાખ લઈ બોગસ ઓર્ડર આપી દીધા હોવાની ફરિયાદ સેકટર-૭ પોલીસ મથકે નોંધાવા પ્રાંતિજના તાજપુર ખાતે રહેતા રોહીતભાઈ કૌશીકભાઈ પટેલે સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપી છે કે તેમની પાસેથી અને તેમના પિતરાઈ ભાઈ રવિ નટવરલાલ પટેલ પાસેથી વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન અપ્રુજી, કઠલાલ ખાતે સે-૭ પોલીસે જૈમીન સામે ગુનો દાખલ કરીને વિશ્વાસઘાત અને છેતરપીંડી પ્રકરણની ઝીણવટભરી તપાસ આરંભી છે. આ શખ્સે અન્ય કેટલાક યુવાનો પાસેથી પણ આ જ પ્રકારે સરકારી નોકરીના બહાને રૂપિયા ઉઘરાવ્યા હોવાનું પણ જાણવા



ગાંધીનગર શહેરના સેકટર - ૨૯ જલારામ ધામ ખાતે સમાજના ધોરણ - ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારોહ તાજેતરમાં યોજાયો હતો. જેમાં ધોરણ -૧૦ માં ૩૦ અને ધોરણ - ૧૨ માં ૧૦ વિદ્યાર્થીઓને પરિક્ષાલક્ષી જરુરી સાધનોની કીટ આપીને જલારામ સમાજના પ્રમુખ જીતુભાઈ સેજાણી તેમજ હોદેદારોએ શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે મોટીસંખ્યામાં સમાજના ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

## આજથી નહેરુ યુવા કેન્દ્રની યુથ લીડરશીપ ટ્રેનિંગનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના નહેરુ યુવા કેન્દ્ર દ્વારા નવી દિલ્હીના વિશ્વ યુવક કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે તા. ૨૬મી ફેબ્રુઆરીથી તા. ૧લી માર્ચ દરમ્યાન સે. ૧૬ ખાતે યુથ લીડરશીપ એન્ડ કોમ્યુનીટી ડેવલપમેન્ટ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ યુવાનોની ક્ષમતાનો વિકાસ કરી નેતૃત્વ શક્તિ વધારી તેમની શુષુપ્ત શક્તિઓનો રાષ્ટ્ર ઘડતરમાં ઉપયોગ કરવાનો છે.

આ તાલીમ કાર્યક્રમમાં સામાજિક અને યુવા પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ૫૦ જેટલા યુવાનો ભાગ લેશે. તાલીમ દરમ્યાન વિવિધ વક્તાઓ દ્વારા માર્ગદર્શન તથા ગ્રામ્ય વિસ્તારોમાં ફિલ્ડ વિઝીટ વિધાનસભા, ઈન્દ્રોડા પાર્કની મુલાકાત વગેરે યોજાશે. તાલીમમાં ભાગ લેનારને પ્રમાણપત્ર તથા આયોજક તરફથી નિવાસ-ભોજન-પ્રવાસ ખર્ચની સુવિધા આપવામાં આવશે. શુક્રવારે સવારે ૯ કલાકે સે. ૧૬માં યુથ હોસ્ટેલ ખાતે ઉપસ્થિત રહી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

## સચિવાલય જીમખાના ખાતે વિવિધ રમતગમત સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના સે. ૨૧માં સચિવાલય જીમખાનાના સભ્યો માટે વિવિધ રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે. આ સ્પર્ધા માર્ચ-એપ્રિલ માસ દરમ્યાન યોજાશે. આ સ્પર્ધામાં જીમખાનાના જે સભ્યોએ ફેમિલિ મેમ્બરશીપ લીધી હોય તેઓને તેમના કુટુંબના સભ્યો તરીકે જાહેર કર્યા હોય તેવા સભ્યો ઉપરાંત પે એન્ડ પ્લે અને કોચીંગમાં આવતા ખેલાડીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે દરેક ખેલાડીએ ટીમનું રજીસ્ટ્રેશન તા. ૧લી માર્ચથી તા. ૧૦મી માર્ચ દરમ્યાન સવારે ૮ થી ૧૧ અને સાંજે ૫ થી ૮ વાગ્યા દરમ્યાન જીમખાના ઓફિસમાં રૂબરૂ કરાવવાનું છે. આ સ્પર્ધા અંગે વધુ માહિતી માટે સચિવાલય જીમખાનાની ઓફિસનો સંપર્ક સાધવા જણાવાયું છે.